અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૪૨-૮૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૧૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ઘટાડો કરવા બાબત.

સંદર્ભ:- ૧. અત્રેનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૯૬૯-૩૦૦૯ તા.૦૬/૧૦/૨૦૨૦
૨. અત્રેની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના હિતમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ૩૦% જેટલો ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ ના સુધારેલ અભ્યાસક્રમની વિગતો અત્રેના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી આપને જાણ તથા અમલ સારું મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત સુધારેલ અભ્યાસક્રમની વિગતો ખાનગી, રીપીટર, પૃથ્થક વિદ્યાર્થીઓને લાગુ પડશે કે કેમ? તે અંગે અત્રે પૃચ્છા કરવામાં આવે છે. જે અન્વયે જણાવવાનું કે અત્રેની સિંગલ ફાઈલ પર સરકારશ્રી દ્વારા મળેલ મંજૂરી અન્વયે કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના હિતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ ના સુધારેલ અભ્યાસક્રમની વિગતો ખાનગી, રીપીટર, પૃથ્થક વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ તેમજ સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા. 20/11/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની તમામ મા. અને ઉ.મા. શાળાઓ તરફ
રી- જાણ તથા અમલ સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો સુરત.